# સૂર્યશકિત કિસાન યોજનાની જાહેરાત

## ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય : વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રીના સંકલ્પમાં ગુજરાત સરકારનું આગવું કદમ

### યોજના પ્રથમ નજરે...

- કૃષિ વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટેની આ કિસાન હિતકારી યોજના છે.
- ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશકિતથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે.
- ખેડૂતોએ ઓછામાં ઓછી કુલ ખર્ચની પાંચ ટકા રકમ ભરપાઈ કરવાની રહેશે પરંતુ વધારે રકમ ભરવી હોય તો તે ભરી શકશે. જેટલી રકમ વધારે ભરશે તેટલી લોન ઓછી લેવાની થશે અને તેને કારણે આવક વધુ થશે.
- કેન્દ્ર અને રાજ્ય સરકાર ૬૦ ટકા રકમ સબસીડી પેટે ચૂકવશે.
- ખેડૂત વતી રાજ્ય સરકાર બાકીની ૩૫ ટકા રકમ સસ્તા વ્યાજની લોન પેટે લેશે.
- લોનનો સમયગાળો ૭ (સાત) વર્ષનો રહેશે.
- એક હોર્સ પાવર દીઠ સવા કિલોવોટની સોલાર પેનલ આપવામાં આવશે. (એટલે કે ૧૦ હો.પા.ના જોડાણ માટે ૧૨.૫ કિલોવોટની પેનલ અપાશે)
- પ્રતિ કિલોવોટ સોલાર ક્ષમતા મુજબ ૧૦ ટ ૧૦ ફુટ જગ્યાની આવશ્યકતા રહેશે.
- જો કોઈ ખેડૂત વધારે કિલોવોટની પેનલ લગાવવા ઈચ્છતા હોય, તો નિયમોને આધિન રહી મંજૂરી અપાશે.
- વધારાની પેનલોથી ઉત્પન્ન થતી વીજળી રૂા. ૩.૫૦ પ્રતિ યુનીટના દરથી ખરીદવામાં આવશે. અને તેના પર રાજ્ય સરકારની સબસીડી મળવાપાત્ર થશે નહી.
- સ્કાય ફીડર દીઠ યોજનામાં જોડાતા ખેડૂતોની સમિતિ બનાવવાની રહેશે.
- સ્કાય ફીડર ઉપર દિવસે ૧૨ કલાક વીજળી મળશે, પરંતુ જે ખેડૂત આ યોજનામાં નહી જોડાય તેને ૮ (આઠ) કલાક વીજ પુરવઠો મળશે.

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે ખેડૂતોને સૌર ઊર્જાથી સિંચાઈ અને ખેતીવાડી તેમજ આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખોલી આપતી મહત્વપૂર્ણ કિસાન હિતકારી યોજના સૂર્યશકિત કિસાન યોજના - SKYની ડીઝીટે પહોંચાડ્યો છે.

હવે, સૂર્ય શક્તિનો ખેતી વપરાશ માટે ઊર્જા ઉત્પાદનમાં વિનિયોગ કરીને આ ધરતી પુત્રોને વધુ સિંચાઈ અને વધારાની વીજળીના વેચાણ દ્વારા આર્થિક સમૃદ્ધિ તરફ લઈ જવા આ નવતર કિસાન હિતલક્ષી સંવેદનાની પરિપાટીએ રાજ્ય સરકારે જાહેર કરેલી SKY - સ્કાય યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પમાં આ યોજના પૂરક બનવાની છે.



જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ આ યોજનાની જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના ખેડૂતો બાવડાના બળે અને પરિશ્રમની પરાકષ્ટા સર્જીને ધરતીમાંથી સોનુ ઉગાડવાની ક્ષમતા ધરાવે છે. રાજ્ય સરકારે ખેડૂતોને પુરતી વીજળી, પાણી, ખાતર અને આધુનિક કૃષિ જ્ઞાન આપીને કૃષિ વિકાસ દર ડબલ યોજના શરૂ કરી છે.

મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ઊર્જા રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં આ સ્કાય યોજનાની ઉપયોગીતા અને વિશેષતાઓની વિસ્તૃત જાણકારી ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે આજે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

ઊર્જામંત્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની

ઊર્જામંત્રીએ જણાવ્યું કે ગુજરાતમાં સૌરશકિત-સૂર્યશકિતનું મહત્તમ ઉત્પાદન વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ દરમ્યાન થયુ છે.

આ સૌર ઊર્જાથી હવે રાજ્યના ધરતીપુત્રો ખેતી વિષયક

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારમાં પણ ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા ઘટી

ગાંધીનગર, તા. ૨૩

શહેરી વિસ્તારમાં પણ ધો. ૯માં પ્રવેશપાત્ર બાળકો ૧૦,૬૨૫ની સામે ૭૨૬૪ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ મેળવતાં પ્રવેશોત્સવના આયોજનમાં ખામી રહી હોવાની વાતો શિક્ષણ જગતમાં શરૂ થઈ છે. એકંદરે શહેરી વિસ્તારમાં પણ ત્રણ હજાર જેટલા બાળકોએ ઓછો પ્રવેશ મેળવ્યો છે.

આ વખતે પ્રવેશોત્સવમાં ૧૪૬ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે. જ્યારે ૨૨ શાળાઓ માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા અપાઈ છે.

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ બાળકોએ ધો. ૯માં પ્રવેશ મેળવ્યો છે. જેની સંખ્યા ૨૯૬૦ છે. જેમાં ૧૭૩૦ કુમાર અને ૧૨૩૦ કન્યાઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આ વખતે માધ્યમિક શિક્ષણમાં ડ્રોપઆઉપ રેસિયો કદાચ વધુ આવશે તેવી વાતોએ પણ શહેરી વિસ્તારોમાં સ્થાન લીધુ છે.

ગાંધીનગર શહેરમાં લક્ષ્યાંક કરતાં પણ ઓછા બાળકોએ પ્રવેશ મેળવ્યો છે જે બતાવે છે કે વધુ પડતુ ફી નું ભારણ વાલીઓને સતાવી રહ્યું છે.

શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવનો ઉત્સાહ પણ બહુ જોવા મળ્યો નથી કારણ કે ૧૩૫ શાળાને બદલે તે મા ૭૫ શાળાઓમાં જ ઉજવાયો હોવાનું બહાર આવ્યુ છે. શહેરી વિસ્તારમાં ૪૪ પ્રા. શાળા અને ૫૯ મા. શાળામાં આ પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ છે.

પ્રાથમિક શિક્ષણમાં પણ ૨૪૪૩ પ્રવેશપાત્ર બાળકની સામે ૧૯૬૦ બાળકોએ જ પ્રવેશ મેળવ્યો છે. જેમાં ૭ બાળકોનું પુનઃ નામાંકન થયુ છે. શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવ દરમ્યાન રૂ. ૧૫,૧૦૦નું રોકડ દાન અને ૩૧,૦૭,૪૮૩ રૂ.નું વસ્તુ સ્વરૂપે મળી કુલ ૩૧,૨૨,૫૮૩ રૂ.નું દાન મળેલ છે.

આંગણવાડી કેન્દ્રોમાં ૯૪૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે જેમાં ૫૦૧ કુમાર અને ૪૪૪ કન્યાઓનો સમાવેશ થાય છે.




# સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગર ૨૬મા ક્રમે

## રાજ્યમાં ત્રીજા ક્રમે : જિલ્લાનું કલોલ શહેર ૨૨૭મા ક્રમે આવ્યુ : ૩૦૯૬.૦૫ ગુણાંક ગાંધીનગરને મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮નું આજે પરિણામ જાહેર થયુ છે. જેમાં ગાંધીનગર શહેર રાષ્ટ્રીય સ્તરે ૨૬મા ક્રમે તથા રાજ્ય સ્તરે ત્રીજા ક્રમે આવ્યુ છે. જિલ્લાનું કલોલ નગર ૨૨૭મા ક્રમે આવ્યુ છે.

રાજકોટ-વડોદરા-વાપી જેવા નગરોને પછાડી ગાંધીનગર શહેરે દેશના પ્રથમ સો શહેરોમાં સ્થાન મેળવ્યુ છે. ગાંધીનગર શહેરને ૩૦૯૬.૦૫ માર્કસ મળ્યા છે.

સ્વચ્છતા સર્વેક્ષણમાં અગાઉ પણ ૨૦મા ક્રમે ગાંધીનગરે સ્થાન મેળવ્યુ હતુ અને એ પહેલાં ૪૪૭મા ક્રમે હતા. ત્રણ વર્ષથી ભારત સરકાર દ્વારા શહેરોની સ્વચ્છતા અંગે સર્વેક્ષણ કરવામાં આવે છે અને તેને આધારે તેને નંબરો આપવામાં આવે છે.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮માં ૪ હજારથી વધુ શહેરોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર શહેર સમગ્ર રાષ્ટ્રમાં ૨૬મા ક્રમે આવ્યો છે. જોકે ૬ ક્રમાંક પાછળ ધકેલાયા પછી પણ રાજ્યમાં ત્રીજા નંબરના સ્વચ્છ શહેર તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે તે એક ગૌરવ સમાન છે.

● અનુસંધાન પાન-૭ પર



જિલ્લા પંચાયતના બસ સ્ટેન્ડ નજીકથી શનિવારે સવારે મોર મરેલી હાલતમાં મળી આવતા પક્ષી પ્રેમીઓમાં ભારે આઘાતની લાગણી વ્યાપી હતી. વનતંત્ર દ્વારા મૃત મોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે લઈ જવાયો હતો. રાષ્ટ્રીય પક્ષી હોવાના લીધે પી એમ રીપોર્ટના આધારે આગળ મોરના મૃત્યુ અંગે તપાસ કરી જરૂર જણાંય તો વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ અન્વયે ૧૯૭૨ ની કલમ ૯ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવશે.

# વરસાદ ખેંચાતા નવા રોપાઓની વાવણીનુ કામ પણ વિલંબમાં પડયુ

## નર્સરીઓમાં રોપાઓના ઢગ તંત્ર વરસાદની વાટે : સે-૨૨ માં એડવાન્સ વાવેતર કરાયુ

ગાંધીનગર તા ૨૩

વરસાદ ખેંચાતા શહેરીજનો આકરા બફારા અને ગરમીથી ત્રસ્ત છે. જયારે ખેડુતોમાં પણ વાવણી ટાંણે ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. બીજીતરફ વન વિભાગની કામગીરી પણ અટવાઈ છે. નવા રોપાઓના વાવેતરનુ કામ પણ વિલંબમાં પડયુ છે. શહેરમાં નવા રોપાઓની વાવણી માટે વનતંત્ર દ્વારા નવા ખાડાઓ પણ ખોદવામાં આવ્યા છે. પરંતુ વરસાદ ન આવતા વાવેતરનુ કામ પણ પાછુ ખેંચાયુ છે. જો કે સે-૨૨ ઢોર ડબ્બા પાસેની જગ્યાની સફાઈ કરાવી વનતંત્રએ એડવાન્સ વાવેતર કરી દીધુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

વરસાદ ખેંચાતા નગરજનો ઉનાળા જેવી આકરી ગરમી

● અનુસંધાન પાન-૭ પર
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com